## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**૨૦૧૫ - સ્પે....**

**ગરબો ગાઉ છું.. પેલા લોકોની જેમ દાંડીયા કોઈને મારવાના નથી... ગરબાના શબ્દો છે... 'મારી મહિસાગરને કાંઠે અનામત માંગે છે...!!!''**

# સરગાસણ સિદ્ધિ વિનાયક સોસાયટી પાસે ગંદકીનું સામ્રાજય

## ફલેટના ખાળકુવા ઉભરાતા ગંદકી સર્જાતા રહિશોના આરોગ્ય સામે ખતરો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર પાસે આવેલા સરગાસણ વિસ્તારમાં સિધ્ધી વિનાયક સોસાયટી પાસે બનાવેલા ફલેટોના ખાળકુવા ઉભરાતા ગંદકીનું સામ્રાજય સર્જાયું છે. અતિશય દુર્ગંધ મારતા વિસ્તારમાંથી પસાર થવું મુશ્કેલ બન્યું છે. સોસાયટીના ફલેટના રહીશોના આરોગ્ય સામે ખતરો ઉભો થવા પામ્યો છે. જયારે પોતાનું મકાન હોવાથી અહીં વસસાટ કરતાં લોકોની 'જાયે તો જાયે કહાં' જેવી સ્થિતિ ઉભી થઈ છે.ગતિશીલ ગુજરાતમાં શહેરનો પણ વિકાસ થયો છે. શહેર જેવડું બીજું શહેર નિર્માણ પામ્યું છે.ન્યુ ગાંધીનગર વિસ્તારમાં અનેક ફલેટો બંગ્લોઝ આવેલા છે. તમામ રહેણાંક મકાનોમાં ગટર નથી ખાળકુવા છે. ન્યુ ગાંધીનગરમાં ગુડા દ્વારા પાણી તેમજ ગટરની કામગીરી ચાલી રહી છે ત્યારે સરગાસણ ગામ તરફ જવાના માર્ગે આવેલ સિધ્ધી વિનાયક સોસાયટીના પ્રવેશ દ્વારે ફલેટ આવેલા છે. આ ફલેટના ખાળકુવા ઉભરાતા ગંદા તળાવનું સામ્રાજય બન્યું છે. ગંદુ પાણી થવા પામ્યો છે.

સરગાસણ ગામના સરપંચે ગંદા પાણી માટે બાજુમાં મોટો કામચલાઉ ખાડો ખોદાવી આપ્યો છે



સોસાયટી તેમજ માર્ગો પર ફરી વળે છે. ગંદકીને પગલે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. રાજયમાં અત્યારે હાલના સમયે ડેન્ગ્યુ મેલેરીયા સહિતના રોગોએ ભરડો લીધો છે ત્યારે અહીં વસવાટ કરતા રહીશોના આરોગ્ય સામે ખતરો ઉભો ત્યારે આ ખાડો પણ ભરાઈ જતાં રહિશોની મુશ્કેલીમાં વધારો થયો છે. ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ઝડપી ગટર લાઈનનું કામ ગુડા દ્વારા હાથ ધરવામાં આવે જેથી વારંવાર ઉભરાતા ખાળકુવાની ઝંઝટમાંથી મુકિત મળે તેવી રહીશોની લાગણી છે.

# અધિક કલેકટર સંવર્ગના ૧૧ અધિકારીઓની બદલી

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| એ.બી. બાગુલ | પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટ આદીજાતિ વિસ્તાર સબ પ્લાન, વલસાડ | નિવાસી અધિક કલેક્ટર કલેક્ટર, વલસાડ |
| બી.સી. ચુડાસમા | નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી બોટાદ | પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટ આદીજાતી વિસ્તાર સબ પ્લાન વલસાડ |
| એમ.એચ. ગજેરા | નિવાસી અ. કલેક્ટર અરવલ્લી | અ. કલેક્ટર, નાગરીક સરંક્ષણ વડોદરા |
| કે.એસ. વસાવા | ખાસ ફરજ પરના અધિ., ગુ.હા.બોર્ડ, અમદાવાદ | નિ.અ.કલેક્ટર નવસારી |
| સી.એમ. ચાવડા | નિયામક, જિલ્લા ગ્રામ વિ. એજન્સી, ભાવનગર | અ. નિવાસી, કલેક્ટર અરવલ્લી, મોડાસા |
| એસ.કે. પ્રજાપતિ | જનરલ મેનેજર ગુ.રા. માર્ગ વાહન કોર્પો. અમદાવાદ | નિવાસી અધિક કલેક્ટર પોરબંદર |
| આર.આર. રાવલ | નિયામક, જિલ્લા ગ્રામ વિ. એજન્સી, દોહોદ | નિવાસી અધિક કલેક્ટર દેવભૂમિ દ્વારકા |
| જી.બી. મંગલપુરા | નિવાસી અધિક કલેક્ટર પોરબંદર | નિયામક જિ.ગ્રા.વિ. એજન્સી, દાહોદ |
| આર.પી. ચૌધરી | ના. કમિશનર, મહિલા બાળ વિકાસ, ગાંધીનગર | નિવાસી અધિક કલેક્ટર ભાવનગર |
| કે.આર. વસાવા | નિયામક અધિક કલેક્ટર નવસારી | ના. કમિશનર, મહિલા બાળ વિકાસ, ગાંધીનગર |
| જે.આર. ડોડીયા | નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ડાંગ | નિવાસી અધિક કલેક્ટર ડાંગ |

## ખૂણે ખાંચરેથી...

● આજે પંચદેવ મંદિર નજીક સવારે ૧૦.૩૦થી ૧૧ની વચ્ચે ઈન્ડિકા કાર અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો.

● સેકટર-૫ના આંતરિક માર્ગ પર એક સ્કુલવાન પલ્ટી ખાઈ ગઈ હતી પણ સદનસીબે કોઈને ઈજા થઈ ન હતી.

● ગાંધીનગર શહેરમાં ૯૦ ટકા જેટલી સોલાર લાઈટો બંધ થઈ જતાં હવે થાંભલાઓ શોભાના ગાંઠિયા જેવા બની ગયા છે.

● મુખ્યમંત્રી આનંદીબેન પટેલના પુસ્તકના વિમોચન સમારોહને લઈ આજે તૈયારીઓને આખરી ઓપ અપાયો છે.

● ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે રૂપાલની વરદાયની માતાના પ્રસિધ્ધ પલ્લી મેળાના આયોજન અંગે બેઠક મળી હતી.

● ગાંધીનગર કોંગ્રેસે આજે મુખ્યમંત્રીશ્રીના પુસ્તક વિમોચનના કાર્યક્રમનો બહિષ્કાર કર્યો હોવાની વાત સૂર્યસિંહ ડાભીએ કહી છે.

● વૈચારિક ક્રાંતિ અભિયાન અંતર્ગત એક જાહેરસભાનું આયોજન અભિયાનના આયોજકો દ્વારા કરવાની ચર્ચા વિચારણા માટે બેઠક મળી હતી.

## ડભોડા કેનાલમાં ઓઢવના યુવાનની મોતની છલાંગ

ગાંધીનગર નજીકના ડભોડા ગામે નર્મદા કેનાલમાં આજે અમદાવાદના યુવાને અગમ્ય કારણોસર મોતની છલાંગ લગાવી હતી. આથી યુવાનનું ડુબી જતા મોત થયું હતું. અમદાવાદના ઓઢવ ખાતે રહેતો ૨૩ વર્ષીય યુવાન રમેશ વાલજીભાઈ દેસાઈ આજે ડભોડા નર્મદા કેનાલ પાસે આવ્યો હતો અને અગમ્ય કારણોસર કેનાલના પાણીમાં મોતની છલાંગ લગાવી હતી. પરિણામે યુવાનનું ડુબી જતા કરૂણ મોત નિપજયું હતું. આ યુવાન અંગે સ્થાનિકોને જાણ થતા પોલીસને જાણ કરવામાં આવી હતી. આ ઘટના અંગે ડભોડા પોલીસે તાત્કાલિક સ્થળે દોડી આવી યુવાનનો મૃતદેહ પાણીમાંથી બહાર કાઢી તેને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો.

# પાલજ ગામની સીમમાં કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## પોલીસે ૪ શખ્સોની ધરપકડ કરી ૪૯ હજારનો વિદેશી દારૂ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૫

રાજસ્થાનના ખેરવાડા ખાતેથી વિદેશી દારૂ કારમાં ભરી ગાંધીનગર નજીકના પાલજ ગામે ડીલેવરી આપવા આવેલા ખેપીયા સહિત બે





બુટલેગર મળી ચાર શખ્સોની ગાંધીનગર એલ.સી.બી.ની ટીમે ધરપકડ કરી હતી અને રૂ. ૪૯ હજારનો વિદેશી દારૂ અને કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાનના ખેરવાડા કાતેથી ફ્રન્ટી કાર જીજે-૧૮-એ-૫૬૯૯માં બે શખ્સો વિદેશી દારૂનો જથ્થો ભરી ગાંધીનગર નજીકના પાલજ ગામના બે બુટલેગરોને દારૂની ડિલેવરી આપવા આવ્યા હતા. દરમિયાન આ બાબતે ગાંધીનગર એલસીબીની ટીમને ખાનગી બાતમી મળતા ટીમે વોચ ગોઠવી હતી. બસ ત્યારે દારૂની ડિલેવરી લેવા આવેલા બે શખ્સો મળી કુલ ચાર શકસોને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસ આ શખ્સો પાસેથી રૂ. ૪૯,૨૦૦નો વિદેશી દારૂનો જથ્થો અને કાર જપ્ત કરી હતી. પોલીસે આ મામલે પાલજ ગામના વિષ્ણુ તલાજી ઠાકોર, બોરીજ ગામના ભરત ચંદુજી ઠાકોર, ખેરવાડાના પ્રવિણ બાબુલાલ ડામોર અને ખરબર ગામના પ્રવિણ કીશનલાલ મીણાની ધરપકડ કરી હતી અને તમામ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## આર.એન. પટેલ શાળાના ધો-૧ના વિદ્યાર્થીઓ સે-૨૮ ગાર્ડનની મુલાકાતે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) સંચાલિત આર.એન. પટેલ શાળાના ધોરણ-૧ના ૮૦ વિદ્યાર્થીઓએ તાજેતરમાં સેકટર-૨૮ બાલોદ્યાનની મુલાકાત લીધી હતી.

આર.એન. પટેલ શાળાના વિદ્યાર્થીઓ માટે શાળાની ચાર દિવાલોમાંથી બહાર કુદરતી પર્યાવરણના સાંનિધ્યમાં આનંદ કિલ્લોલ કરવા માટે સે-૨૮ના ગાર્ડનના પ્રવાસનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ રાઈડસ તેમજ પાણીની બોટમાં બેસવાનો આનંદ માણ્યો હતો. તમામ વિદ્યાર્થીઓને નાસ્તો તેમજ આઈસ્ક્રીમ આપવામાં આવ્યો હતો. નાની પીકનીકનો આનંદ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર માણ્યો હતો.



## જીઆઈપીએસમાં ગાંધી જયંતિની ઉજવણી

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં તા. ૧ના રોજ પ્રિ-પ્રાયમરી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીજયંતિની ઉજવણી કરાઈ હતી. સ્વચ્છતા અભિયાન દ્વારા વિદ્યાર્થીઓએ ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી શાળાના પ્રિ-પ્રાયમરી વિભાગના શિક્ષકોએ સફાઈનું મહત્વ અને સફાઈ શા માટે કરવી જોઈએ તેની જાણકારી આપી હતી. વિદ્યાર્થીઓમાં સ્વચ્છ ભારત, હરિયાળુ ભારત, સ્વસ્થ ભારત જેવા સ્લોગન દ્વારા ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

## નવરાત્રીમાં મોડી રાત્રી સુધી ધંધો રોજગાર માટે મંજુરી આપો : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૫

ગુજરાતમાં પવિત્ર નવરાત્રી તહેવાર દરમિયાન યુવાનો તથા માઈ ભક્તો મોડી રાત સુધી ગરબા રમતા હોઈ, રાત્રે ખાણી-પીણીના તથા આવશ્યક વસ્તુ સહેલાઈથી ઉપલબ્ધ થાય તે માટે મોડી રાત સુધી બજારો ખુલ્લા રાખવા મંજુરી આપવા ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલને પત્ર લખી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઈકોનોમિક એફેર્સ કમિટીના ચેરમેન નીતિન શાહે માંગણી કરેલ છે.

નીતિન શાહે વધુમાં જણાવ્યું છે કે, જ્યારથી 'મોદી આવ્યા મંદી લાવ્યા'એ વાત પ્રસરતી જાય છે અને આ મંદીમાં વહેપારી મિત્રોને ધંધો ઘટતો જ જાય છે, અને ખર્ચા વધતા જાય છે. આ સંજોગોમાં દિવાળીના તહેવારો પૂર્ણ ન થાય ત્યાં સુધી મોડી રાત્રી સુધી બજારો ખુલ્લા રાખવા મંજુરી આપવા પત્ર દ્વારા રજૂઆત કરે છે.

# તાલુકા કક્ષાના ગણિત-વિજ્ઞાન મેળામાં આર. એન. પટેલ પ્રાથમિક શાળાનો પ્રોજેક્ટ પ્રથમ સ્થાને

## ફેનિલ રામી તથા સૂરજ હડિયોલ દ્વારા બનાવાયેલ લાઈટ સેન્સર સર્કિટ પ્રોજેક્ટની જિલ્લાકક્ષાએ પસંદગી

ગાંધીનગર, તા. ૫



ગાંધીનગરની સરકારી તેમજ ખાનગી શાળાઓનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન તાજેતરમાં યોજાયું હતું. આ પ્રદર્શનમાં સર્વ વિદ્યાલય કેમ્પસની આર.એન. પટેલ પ્રા. શાળાના ધો. ૮-અના વિદ્યાર્થી ફેનિલ સમીરકુમાર રામી તથા ધો. ૭-બના વિદ્યાર્થી સૂરજ પી. હડિયોલ દ્વારા બનાવાયેલ આયામિ અને વ્યવસ્થાપન વિભાગનો લાઈટ સેન્સર સર્કિટ સીસ્ટમ પ્રોજેક્ટ પ્રથમ સ્થાને વિજેતા બન્યો હતો.

આર.એન. પટેલ પ્રા. શાળાના ફેનિલ રામી તથા સૂરજ હડિયોલ દ્વારા રહેણાંક વિસ્તારની સોસાયટીઓ તથા ઔદ્યોગિક કેમ્પસ માટે લાઈટ સેન્સર સર્કિટ દ્વારા વિજળીના બચાવ સાથે સીક્યુરિટી સીસ્ટમ અંગે સુંદર પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ અનુસાર સોસાયટી કે ઔદ્યોગિક અથવા શૈક્ષણિક સંકુલમાં સેન્સર બેઝ લાઈટ સીસ્ટમ વાપરવામાં આવે તો કોઈ વાહન કે મુલાકાતીના પ્રવેશ સમયે જ વિજળી ચાલુ થાય તેવી પદ્ધતિ અપનાવી શકાય છે. જેના ઉપયોગથી વીજળીનો બચાવ પણ થાય છે. અને સુરક્ષા અંગે પણ ઉપયોગી બને છે. કુલ ૩૩ શાળાઓના ૬૬ પ્રોજેક્ટમાંથી ખાનગી શાળાઓની કક્ષામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા માટે માર્ગદર્શક શિક્ષિકા સહિત બંને વિદ્યાર્થીઓને આચાર્ય દશરથભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

# ''બાળ-જીંદગી બચાવો'' અંગે નર્સિંગ કોલેજમાં સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૫

આજે ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ વિભાગ દ્વારા 'સેવ ધ ચાઈલ્ડ લાઈવ્ઝ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમેરિકાથી આવેલ નિષ્ણાંત તબીબોએ તાલીમાર્થીઓનું ખુબ જ તલસ્પર્શી માર્ગદર્શન કર્યું હતું.

આ વર્કશોપ બે ભાગમાં યોજાનાર છે જેનો પ્રથમ ભાગ સોમવારે યોજાયો હતો. પ્રથમ ભાગમાં યુએસએથી પધારેલ નિષ્ણાંત તબીબો ડૉ. નિર્મલા એસ. દેસાઈ, ડૉ. રોહિત બાસા, ડૉ. નીતિન શાહ તથા ડૉ. નીરજ શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આરોગ્ય વિભાગના અધિક નિયામક એન.બી. ધોળકિયા, સંવેદના ફાઉન્ડેશનના ટ્રસ્ટી ભાઈલાલભાઈ પટેલ તથા કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. આર.જે. વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. રોહિત બાસાએ સેમિનારના ઉદ્દેશોની ઊંડી સમજ આપી હતી. નર્સિંગ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. આર.જે. વ્યાસે આશિર્વચન પાઠવ્યા હતા. તથા પ્રિન્સિપાલ રવિનાબેન ક્રિશ્ચિયને કોલેજના અભ્યાસક્રમો અંગે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. આ વર્કશોપનો દ્વિતિય ભાગ તા. ૭મી ઓક્ટોબરે યોજાશે.



સ્વચ્છતા અભિયાન : ગાંધી જયંતિ નિમિત્તે જીવન વીમા નિગમની ગાંધીનગર કચેરી દ્વારા સ્વચ્છતા અભિયાન આરંભાયું હતું. એલ.આઈ.સી.ના કર્મચારી-અધિકારીઓએ સમગ્ર કચેરી અને આસપાસના વિસ્તારોની સફાઈ કરી હતી. (તસવીર : દિપક જાની)

# પુન્દ્રાસણ ગામે મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીકના પુન્દ્રાસણ ગામે કેટલાક ઈસમો વિદેશી દારૂનો વેપાર કરી રહ્યા હોવાની બાતમી પેથાપુર પોલીસને મળી હતી આથી પોલીસ ટીમે બાતમી સ્થળે દરોડો પાડી ૧૦,૨૦૦નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીકના પુન્દ્રાસણ ગામે કેટલાક બુટલેગરો ખુલ્લેઆમ વિદેશી દારૂનો સપ્લાય કરી રહ્યા હોવાની તેમજ વેચાણ કરી રહ્યા હોવાની બાતમી પેથાપુર પોલીસને મળી હતી. બાતમીના આધારે ગત રોજ પોલીસ ટીમે પુન્દ્રાસણ ગામે એક બંધ મકાનમાં દરોડો પાડયો હતો. જેમાં પોલીસને ૧૨ નંગ ગ્રીન લેબલ, ૧૦ નંગ રોયલ સ્ટેગ વિદેશી દારૂની બોટલ તેમજ બિયરના ટીન નંગ ૧૪ મળી કુલ રૂ. ૧૦,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જયારે દરોડાની જાણ થતા ત્રણેય બુટલેગરો ભૂપત જવાનજી ઠાકોર, મનુજી જવાનજી ઠાકોર અને પંકજ જયરામ ઠાકોર ફરાર થઈ ગયા હતા. પેથાપુર પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



## વરસોડામાં રકતદાન શિબિર યોજાઈ

શ્રેયસ ગ્રામ વિકાસ ટ્રસ્ટ પેથાપુર દ્વારા વરસોડા ગામે તા. ૪ ઓકટોબરના રોજ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવકો અને સ્ત્રીઓ દ્વારા રકતદાન કરાયું હતું. આ રકતદાન શિબિરમાં ૩૩થી વધુ રકતની બોટલો એકત્રિત કરાઈ હતી. વોલન્ટરી બ્લડ બેંક અને ગ્રામ વિકાસ મંડળ પલિયડે રકતદાન શિબિરમાં સહયોગ આપ્યો હતો. જેથી ટ્રસ્ટના પ્રમુખ ઘનશ્યામસિંહ ચાવડા તેમજ ટ્રસ્ટના સભ્યોએ તમામનો આભાર વ્યકત કર્યો હતો.